# એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ દરમિયાન યુનાઇટેડ સ્ટેટ્સમાં પ્રવાસ કરી રહેલા વિઝા અરજીકર્તાઓ માટે ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ અપડેટ

નોન-ઈમિગ્રન્ટ જ્યારે યુએસ દૂતાવાસમાં વિઝા અરજી સબમિટ કરે છે ત્યારે દૂતાવાસ પાસે ત્રણ વિકલ્પ હોય છેઃ ૧. અરજીને મંજૂર



માઈકલ ફુલવાની ડેવિડ એચ. નાચમેન લુડકા ઝિમોવકાક

કરવી, ૨. અરજીનો ઈનકાર કરવો અથવા ૩. અરજીને વહીવટી પ્રક્રિયા માટે મોકલવી.

'એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ' વિઝાની ફાળવણીમાં મોડું થવાની કોઈ પણ બાબતને ધ્યાનમાં રાખે છે. કેટલીક વિઝા અરજીઓમાં વહીવટી પ્રક્રિયાની જરૂર પડતી હોય છે, જેના માટે કોન્સ્યુલર અધિકારી દ્વારા વિઝા અરજીકર્તાના ઈન્ટરવ્યુ પછી વધારાનો સમય થાય છે. અરજીકર્તાઓને જ્યારે તેઓ અરજી કરે ત્યારે આ જરૂરિયાત હોવાની સલાહ આપવામાં આવે છે.

મોટા ભાગની વહીવટી પ્રક્રિયા વિઝા ઈન્ટરવ્યુના ૬૦ દિવસમાં ઉકેલાઈ જતી હોય છે, જ્યારે વહીવટી પ્રક્રિયાની જરૂર પડે છે ત્યારે દરેક કેસના અલગ અલગ સંજોગો પર તેના સમયનો આધાર હોય છે.

વિઝા અરજીકર્તાઓએ પોતાની નિર્ધારિત પ્રવાસ તારીખ કરતાં અગાઉ તેઓના વિઝા માટે વેળાસર અરજી કરવાની જરૂર હોય છે.

જો વિઝાની અરજી આઈએનએ સેક્શન ૨૨૧ (જી) અંતર્ગત નકારવામાં આવે, અને જ્યારે અરજીકર્તા ખોવાયેલા કે ગુમ થયેલા દસ્તાવેજો-માહિતી રજૂ કરે તો કોન્સ્યુલેટ વિઝા ઈશ્યુ કરી શકે છે.

આ પ્રકારની વહીવટી પ્રક્રિયાના કારણે તેનો ઉકેલ લાવવામાં ઓછા દિવસથી લઈને કેટલાક મહિના પણ થઈ શકે છે.

તાજેતરમાં ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ (ડીઓએસ), ડીઓએસ વિઝા ઓફિસે જાહેરાત કરી હતી કે, કોન્સ્યુલેટને આપવામાં આવેલી કોઈ પણ અપમાનજનક માહિતીની ધારણા પરથી, જ્યારે નવી અરજી વહીવટી પ્રક્રિયા માટે પેન્ડિંગ હોય ત્યારે હાલના વિઝા કેન્સલ ન થઈ શકે.

જો અરજીકર્તા માન્ય, અગાઉ ઈશ્યુ કરાયેલા નોનઈમિગ્રન્ટ વિઝાનો કબજો ધરાવતો હોય, તો તે વિઝા અમેરિકામાં આગમન માટે અરજી દરમિયાન પોર્ટ-ઓફ-એન્ટ્રી પર રજૂ કરી શકે છે.

ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ (ડીઓએસ), ડીઓએસ વિઝા ઓફિસ ખરાઈ કરે કે હાલના વિઝા સામાન્ય રીતે કેન્સલ કરાશે નહિ અને તેનો ઉપયોગ સમાન અથવા અલગ વિઝા કેટેગરીમાં અમેરિકામાં પ્રવેશ માટે અરજી વખતે કરાશે.

અલબત્ત, વિઝાનો ઉપયોગ અમેરિકામાં પ્રવાસના હેતુ માટે થવો જોઈએ. દાખલા તરીકે, નોનઈમિગ્રન્ટ વર્કરે પ્રવેશ વખતે વર્તમાન બી-૧, બી-૨ વિઝિટર વિઝા માટે અરજી કરતી વખતે અમેરિકામાં રોજગારી ચાલુ રાખવા રજૂ ન કરવા જોઈએ.

વિઝા ઓફિસ એ બાબતે ભાર મૂકે છે કે અમેરિકામાં પ્રવેશ માટે અરજી યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (સીબીપી) દ્વારા તૈયાર કરવામાં આવે છે, જેની પોતાની પ્રવેશપાત્રતા નક્કી કરવાની સત્તા હોય છે. જો વર્તમાન વિઝા કેન્સલ ન થયા હોય તો સીબીપી પ્રવેશનો ઈનકાર કરી શકે છે.

યુએસ ઈમિગ્રેશન એન્ડ નેશનલિટીને લગતા કાયદાઓની તમારા પર, તમારા પરિવાર, તમારા મિત્રો, તમારાં સગાંસંબંધીઓ પર કેવી અસર પડી શકે છે તે વિશે વધુ માહિતી માટે તમે અમારા ઈમિગ્રેશન એન્ડ નેશનલિટી લોયર્સ અથવા એટર્નીઝ સાથે વાત કરી શકો છો અથવા નાચમન ફુલવાની ઝિમોવેક (એનપીઝેડ) લો ગ્રુપ, પી. સી.નો ઈ-મેઈલ info@visaserve.com પર સંપર્ક કરી શકો છો અથવા ૨૦૧-૬૭૦-૦૦૦૬ (૧૦૭) પર ફોન કરી શકો છો અથવા અમારી લો ફર્મની વેબસાઈટ www.visaserve.com નિહાળી શકો છો.